ચોપાઇ- પછી સંત ચાલ્યા સહુ મળી, મહામુક્ત તણી જે મંડળી।
સર્વે ગુજરદેશમાં ગયા, કૈક પુરમાં પઢવા રહ્યા ॥૧॥
સતસંગી ગયા સર્વે ઘેર, થઈ સુખી સહુ બહુપેર ।
જોઇ લીળા ને ચડી ખુમારી, ઉતરે નહી કેની ઉતારી ॥૨॥
કરે ચર્ચા પરસ્પર જ્યારે, થાય કેફ ભરી વાત ત્યારે ।
સહુને ચિતે ચડ્યો રંગચોળ, આવી અંતરે મસ્તિ અતોળ ॥૩॥
થયું પ્રકટ જાણે કલ્યાણ, નહિ ઉધારી વાતની વાણ ।
હોય પરચા હજારો હજાર, જાણે જન ન જાણે સંસાર ॥૪॥
જે કોઇ સતસંગી નામ કાવે, પંચવ્રતને પાળે પળાવે ।

તે આલોક પરલોકને માંઈ, રહે સુખી તે જન સદાઈ ॥૫॥
જેદિ આવે આ દેહનો કાળ, તેદિ આવે તેડવા દયાળ ।
રથ વેલ્ય વિમાન ને વાજી, મુકે દેહ ઘણું થઈ રાજી ॥૬॥
કહે આવ્યા છે તેડવા નાથ, હું જાઉંછું મહારાજને સાથ ।
માનજ્યો મારું હિત વચન, સહુ સ્વામીનું કરજ્યો ભજન ॥૭॥
એમ કહીને મુકે છે દેહ, સર્વે જાણે સતસંગી તેહ ।
કૈક કુસંગી તેપણ જાણે, થાય દર્શન પ્રકટ પ્રમાણે ॥૮॥
જ્યારે મરે કુસંગીમાં કોઈ, નજરે જમકિંકરને જોઈ ।
જાતાં જમહાથ જોઈ કુસંગી, પછી સમજી થાય સતસંગી ॥૯॥
એમ વધતો જાય સતસંગ, જોઈ રીત્ય ચિત્તો ચડે રંગ ।
આવે સંત કરે બહુ વાત, તે સાંભળી થાય રળિયાત ॥૧૦॥
વળી પૂર્ણ પુરુષોત્તમ જેહ, મળે પ્રકટ પ્રમાણ તેહ ।
તેના સંત પંચવ્રતે પુરા, એ આગળે બીજા તો અધુરા ॥૧૧॥
એવા સંત શિરોમણી જેહ, ફરે દેશપ્રદેશમાં તેહ ।
જેનાં આગન્યાકારી છે અંગ, કેદિ ન કરે વચનનો ભંગ ॥૧૨॥
તેને આપીયું એમ વચન, જાજ્યો તવરે મળી મુનિજન ।
આવી શક્યા તો આવશું અમે, નહિ તો નહાજ્યો નર્મદામાં તમે ॥૧૩॥
એવી સંતને આગન્યા આપી, પછી જાણ્યું વધ્યા ઘણા પાપી ।
તૈયે કાળને આગન્યા કીધી, મુવા પાપી જીવ બહુ વિધિ ॥૧૪॥
પોતે છાના રહ્યા ઘણું શ્યામ, કાળે કીધું છે કાળનું કામ ।
પોતે લીધો તપસ્વીનો વેષ, રહ્યા ગુપ્ત વધારીયા કેશ ॥૧૫॥
પહેરે ખેસ ને ઓઢે ચોફાળ, માથે શોભે છે સુંદર વાળ ।
પહેરી ટોપી ઓપી શોભાતણી, શ્યામ મૂર્તિ તે પુષ્ટ છે ઘણી ॥૧૬॥
રહે છાના ન જાણે કોઈ જન, કરે એકાંતિ દાસ દર્શન ।
એમ વીતિ ગયા બહુ દિન, કોઈ જાણી શકે નહિ જન ॥૧૭॥
પછી આવ્યો છે વસંત માસ, સુણિ વસંત સાંભરીયા દાસ ।
પછી બોલીયા દિનદયાળ, લાવો તેડી સંત તતકાળ ॥૧૮॥

થઈ ખબર આવિયા સંત, વાલો રાજી રમવા વસંત ।
પહેરી વસ્ત્ર જરિનાં જીવન, ઘણું જન ઉપર પ્રસન્ન ॥૧૯॥
આવે સંત મળે ભરી બાથ, જુવે અમૃત દૃષ્ટિએ નાથ ।
ઘણા દિનના જન હતા પ્યાસી, થયા તૃપ્ત જોઈ અવિનાશી ॥૨૦॥
પછી નાથ કહે સુણો દાસ, આતો જાય છે ફાગણ માસ ।
ગાવો ફાગ ને ધુમ મચાવો, નિત્ય નાવે અવસર આવો ॥૨૧॥
કરો રમવાતણો સમાજ, એમ બોલ્યા રાજી થઈ રાજ ।
પછી સંતે કર્યો સરાજામ, હોળી હરિશું રમવા હામ ॥૨૨॥
પછી કઢાવ્યો રંગ સોરંગ, કેસુ કેસર કસુંબો પતંગ ।
ભર્યાં ચરુ કડાયાં ને કડા, વળી ગોળા માટલાં ને ઘડા ॥૨૩॥
લાવ્યા તેલ ગુલાલ અબીર, સજજ થયા સખા શૂરવીર ।
પછી નાથ કહે સુણો જન, આપો અમને સખા થઈ પ્રસન ॥૨૪॥
પછી દશ વિશ સખા લીધા, બેઉ ટોળાં બરોબર કીધાં ।
સાંખ્યયોગી સખા શ્યામ સાથે, લીધી હેમ પીચકારી હાથે ॥૨૫॥
પછી મંગાવિયો રંગ પાસે, ભરી પીચકારી અવિનાશે ।
છાંટી એક એક સહુ માથે, પછી નાખ્યો છે ગુલાલ નાથે ॥૨૬॥
સખા સહુ થયા રંગચોળ, પછી મચ્યો છે ખેલ અતોળ ।
છુટે પીચકારી બહુ છોળે, એકબીજાને ઝાલીને રોળે ॥૨૭॥
નાખે ઉપર અબીર ગુલાલ, તેણે સખા થયા સહુ લાલ ।
વાજે ઢોલ ને દદામાં ગડે, કાંસા ત્રાંસાની ધ્રોશજ પડે ॥૨૮॥
લથબથ યુથ રમે હોળી, સામસામી છે સરખી ટોળી ।
નાથ ઉપર નાખ્યો છે રંગ, તેણે શોભે છે સુંદર અંગ ॥૨૯॥
સર્વે વસ્ત્ર રંગાણાં અંગનાં, શ્વેત લાલ થયાં એક રંગનાં ।
મુખ લાલ ને કમળનેણ, શોભે સુંદર તે સુખદેણ ॥૩૦॥
હસવે દિસેછે દંતપંગતિ, ઓપે અનારકળીથી અતિ ।
બાંધ્યું બોકાનું સુંદર ફેંટે, કશી કમર રૂપાળે રેંટે ॥૩૧॥
છુટી કસમાં દિસે છે છાતિ, તેની શોભા કહી નથી જાતિ ।

વેઢ વિંટિ ને કડાં છે હાથે, નાથ રમેછે સખાને સાથે ॥૩૨॥
હોડાહોડમાં કોઈ ન હારે, વચ્ચમાં પડી કોઈ ન વારે ।
એમ રમતાં જામ બેઉ ગીયા, મટી બપોર છાયા નમિયા ॥૩૩॥
પછી નાથે હાથે પાડી તાળી, કરે નામની ધુન્ય રસાળી ।
કરી ધુન્ય કહે એમ વાલો, સર્વે નદીએ નાવાને ચાલો ॥૩૪॥
પછી પોતે ચડીયા છે ઘોડે, સખા જુથ સરવે છે જોડે ।
નાવા નીરમાં પેઠા છે નાથ, સહુ નાહ્યા છે શ્યામને સાથ ॥૩૫॥
નાહિ નાથ ને નિસર્યા બારે, કર્યો કુંકુમનો ઈંદુ ત્યારે ।
પછી અશ્વે થયા અસવાર, આવ્યા મહારાજ ગામ મોઝાર ॥૩૬॥
પછી સંત સર્વે તે આવ્યા, થઈ રસોઈ જમવા બોલાવ્યા ।
પછી પીરસ્યું પોતાને હાથે, એમ જમાડીયા જન નાથે ॥૩૭॥
સર્વે રીતે કીધા સુખી સંત, કરી લીળા અલૌકિ અત્યંત ।
દિન દશ સુધી સંત રહ્યા, પછી પોતે વળાવાને ગયા ॥૩૮॥
કારિયાણી ને કુંડળ ગામ, તિયાં સુધી આવ્યા પોતે શ્યામ ।
પછી સહુને શીખજ કરી, પોતે પાછા વળિયા છે હરિ ॥૩૯॥
એવો કર્યો સમૈયો જીવને, ફાગણસુદી પુનમને દિને ।
તેદિ ગઢડે રમીયા હોળી, સુખી થઈ ગયા સંત ટોળી ॥૪૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે ગઢડે
હુતાસનિ ઉત્સવ કર્યો એ નામે પાંસઠમું પ્રકરણમ્ ॥૬૫॥